THE KALOL NAGARIK SAHAKARI BANK LTD
COLLEGE ROAD, KALOL - 382721
GUJ/SOS/AUTH/AV/251/2009

भारत INDIA

57533 SPL. ADH गुजरात
149900 MAY 18 2018
zero four four one zero zero zero 11:45
Rs.0441000/- PB6888
STAMP DUTY GUJARAT

KAL
5515 - 35
2018



THE SEAL OF THE ... KALOL (N.G.) सत्यमेव जयते



Serial No. 57533 Date. 18/05/2018
Name... Nandi Associate
&
Address... Jaspur Ta. Kalol
Value Rs. 4,41,000/-
(Words) Four Lakh fourty one Thousand Rs only.
THE KALOL NAG. SAHA. BANK LTD.
Licence No. GUJ/SOS/Auth/AV/251/2009

Officer

## વેચાણ દસ્તાવેજ

---

ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે બોરીસણા ગામની સીમના ખાતા નં. ૧૦૨૬ થી ચાલતાં બ્લોક/સર્વે નં. ૮૧૩, જુના બ્લોક/સર્વે નં. ૧૪, જુના સર્વે નં. ૧૬/૧, ૧૬/૨, હે.આ.ચો.મી. ૦-૩૦-૩૫, આકાર રૂા. ૧.૪૭ પૈસાવાળી રહેણાંકના હેતુ સારૂ એન.એ. થયેલ ખુલ્લી જમીનનો વેચાણ દસ્તાવેજ રૂા. ૯૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા નેવું લાખ પુરાનો.

---

ફોર, નંદી એસોસિયેટ

ભાગીદાર

KAL
5515-2-35
/૨/2018

:: લખાવી લેનાર - વેચાણ લેનાર - એકતરફવાળા ::

"નંદી એસોસિયેટ" એ નામની ભાગીદારી પેઢી વતી
તેના વ.ક. ભાગીદાર અરવિંદભાઇ જોઇતારામ પ્રજાપતિ
PAN NO. : AAOFN8878P.
AADHAR NO. :
ઉ.વ.આ. ૫૨, ધંધો-વેપાર, ધર્મે- હિન્દુ,
રહે. પ્રજાપતિ વાસ, જાસપુર, તા. કલોલ, જી. ગાંધીનગર.

જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં "તમો" "લખાવી લેનાર" કે "વેચાણ લેનાર" કે "એકતરફવાળા" એ રીતે જણાવવામાં-વર્ણવવામાં આવેલા છે. જે શબ્દના અર્થમાં એકતરફવાળા તથા એકતરફવાળાના હાલના તથા વખતો વખતના ભાગીદાર તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.

THE SEAL OF THE SUB REGISTRAR KALOL

:: લખી આપનાર - વેચાણ આપનાર - બીજીતરફવાળા ::

સુથાર રીનાબેન રાજુભાઇ ચીમનલાલ
PAN NO. : CUFPS1513M
AADHAR NO. : 3339 4564 4993
ઉ.વ.આ.૩૨, ધર્મેઃ- હિન્દુ, ધંધોઃ- ઘરકામ,
રહેઃ- બી-૪૫, ઈશ્વરકૃપા સોસાયટી, પંચવટી એરીયા,
કલોલ, તા. કલોલ, જી. ગાંધીનગર.

જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં "અમો" કે "લખી આપનાર" કે "વેચાણ આપનાર" કે "બીજીતરફવાળા" એ રીતે જણાવવામાં વર્ણવવામાં આવેલા છે. જે શબ્દના અર્થમાં અમો લખી આપનારાઓનો તથા અમો લખી આપનારના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.

ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે બોરીસણા ગામની સીમના ખાતા નં. ૧૦૨૬ થી ચાલતા રેવન્યુ બ્લોક/સર્વે નં. ૮૧૩, જુના

સુથાર રીનાબેન જી

ફોર, નંદી એસોસિયેટ
ભાગીદાર

KAL
5515 35
2018



બ્લોક/સર્વે નં. ૧૪ (બ્લોક નં. ૧૪ તથા ૧૫ નો એકત્રીત બ્લોક) જુના સર્વે નં. ૧૬/૧ તથા ૧૬/૨, હે.આ.ચો.મી. ૦-૩૦-૩૫, આકાર રૂા. ૧.૪૭ પૈસાવાળી રહેણાંકના હેતુ એન.એ. થયેલ ખુલ્લી જમીન અમો લખી આપનારની માલીકી કબજા ભોગવટાની આવેલ છે. જેને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં **"સદરહુ મિલકત"** એ રીતે સંબોધવામાં આવશે.

મોજે બોરીસણા, તા. કલોલના જુના સર્વે નં. ૧૬/૧ તથા ૧૬/૨ નો એકત્રીકરણ યોજના અમલમાં આવતાં સર્વે નં. ૧૬/૧ નો નવીન બ્લોક નં. ૧૪ બનેલ અને સર્વે નં. ૧૬/૨ નો નવીન બ્લોક નં. ૧૫ બનેલ. ત્યાર બાદ, બ્લોક નં. ૧૪ તથા ૧૫ એકત્ર કરવામાં આવેલ છે અને નવીન એકત્રીત બ્લોક નં. ૧૪ બનેલ છે અને ત્યાર બાદ, રી-સર્વેની કામગીરી હાથ ધરવામાં આવતાં એકત્રીત થયેલ બ્લોક નં. ૧૪ ને નવો સર્વે નં. ૮૧૩ આપવામાં આવેલ છે. જેનો સંપુર્ણ ઈતિહાસ નીચે મુજબ છે.

THE SEAL OF THE SUB REGISTRAR KALOL

જુના સર્વે નં. ૧૬/૧, ક્ષેત્રફળ હે.આ.ચો.મી. ૦૨૪-૨૮ બારોટ ડાહયાલાલ કાનજીદાસના નામે વારસાઈ હકકે ચાલતી આવેલ અને તે અંગેની નોંધ નં. ૧૪૭ પ્રમોલગેશનથી તા. ૨૨-૨-૫૪ નારોજ પડેલ છે.

ત્યાર બાદ, જુના સર્વે નં. ૧૬/૧, ક્ષેત્રફળ હે.આ.ચો.મી. ૦૨૪-૨૮ વાળી ખેતીની જમીનમાં નોંધ નં. ૭૪૬ થી ગણોત હકકે ઠાકોર સુરાજી ગગાજીનું નામ દાખલ થયેલ છે.

ત્યાર બાદ, જુના સર્વે નં. ૧૬/૧, ક્ષેત્રફળ હે.આ.ચો.મી. ૦૨૪-૨૮ વાળી ખેતીની જમીનમાં નોંધ નં. ૮૪૩/૭૭ તા. ૩૧-૭-૫૫ થી ગણોત હકકે ઠાકોર માલાજી મગનજીનું નામ દાખલ થયેલ છે. અને સદર નોંધ તા. ૨૩-૦૨-૫૬ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, જુના સર્વે નં. ૧૬/૧, ક્ષેત્રફળ હે.આ.ચો.મી. ૦૨૪-૨૮ વાળી ખેતીની જમીન ના. મુંબઈ સરકારના ટુકડા તરીકે જાહેર થયેલ છે અને ટુકડા

KAL
55157 35
2018



અંગેની નોંધ ગામ નમુના નં. ૯ ના હકકપત્રકે નોંધ નં. ૮૮૦/૯૮ થી તા. ૦૫-૧૧-૫૭ નારોજ પડેલ છે અને તા. ૧૩-૦૬-૬૬ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, જુના સર્વે નં. ૧૬/૧, ક્ષેત્રફળ હે.આ.ચો.મી. ૦૨૪-૨૮ વાળી ખેતીની જમીનમાં નોંધ નં. ૯૦૨/૧૯ તા. ૦૫-૦૯-૫૭ થી ગણોત હકકે ઠાકોર ચુંડાજી સેંધાજીનું નામ દાખલ થયેલ છે. અને સદર નોંધ તા. ૦૫-૦૭-૬૭ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, જુના સર્વે નં. ૧૬/૧, ક્ષેત્રફળ હે.આ.ચો.મી. ૦૨૪-૨૮ વાળી ખેતીની જમીનમાં નોંધ નં. ૧૨૩૯ તા. ૧૮-૦૮-૬૨ થી ગણોતીયા ઠાકોર મોવતાજી અમથાજીએ માલીકીની જમીન ખરીદવા અનીચ્છા બતાવેલ હોઇ ગણોત ધારાની કલમ-૩૨-ગ ની તપાસમાં ખરીદી બીન અમલી જાહેર કરવામાં આવેલ. અને સદર નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, જુના સર્વે નં. ૧૬/૧, ક્ષેત્રફળ હે.આ.ચો.મી. ૦૨૪-૨૮ વાળી ખેતીની જમીનમાં નોંધ નં. ૧૪૯૩ તા. ૦૭-૦૨-૬૮ થી ગણોતીયા ઠાકોર મોવતાજી અમથાજીએ માલીકીની જમીન ખરીદવા અનીચ્છા બતાવેલ હોઇ ગણોત ધારાની કલમ-૩૨-ગ ની તપાસના હુકમ નં. ૩૨પીપી/૧૧૧ તા. ૨૪-૦૮-૬૭ ના હુકમ આધારે જમીનની ખરીદી બીન અમલી જાહેર કરવામાં આવેલ તે અંગેની હુકમની નોંધ પડેલ છે અને સદર નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, એકત્રીકરણ યોજના અમલમાં આવતાં જુના સર્વે નં. ૧૬/૧ ને નવીન બ્લોક નં. ૧૪ આપવામાં આવેલ અને કબજેદાર તરીકે બારોટ ડાહયાભાઇ કાનજીભાઇનું નામ નોંધ નં. ૩૭૧ થી એકત્રીકરણ નોંધ આધારે દાખલ થયેલ. અને સદર નોંધ તા. ૨૩-૦૧-૬૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, બ્લોક નં. ૧૪ ના રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૪૨૮ થી ટુકડાની નોંધ દાખલ થયેલ છે.

KAL
5515 ( 35
2018

// ૫ //

ત્યાર બાદ, બ્લોક નં. ૧૪ ના રેવન્યુ રેકર્ડે ગામ નમુના નં. ૬ ના હકકપત્રકે પડેલ નોંધ નં. ૪૨૯ થી સામાન્ય ગણોતીયા ચુંડાજી સેંધાજીનું નામ દાખલ થયેલ છે.

ત્યાર બાદ, બ્લોક નં. ૧૪ અન્વયે મે. કલોલ તાલુકા મામલતદાર અને એલ.ડી. સાહેબના હુ.નં. ૩૨પી/૧૧૧ તા. ૧૭-૦૫-૬૮ ના હુકમ આધારે ગણોતીયા ઠાકોર મોબતાજી અમથાજીનો ગણોત હક સમાપ્ત, કબજો જમીન માલીકને આપવાનો તે પ્રમાણે હુકમ થયેલ છે અને સદર હુકમની નોંધ ગામ નમુના નં. ૬ ના હકકપત્રકે નોંધ નં. ૪૩૫ થી તા. ૨૬-૦૨-૬૯ થી પડેલ છે અને તા. ૦૧-૦૪-૬૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, સદર બ્લોક નં. ૧૪ હે.આ.ચો.મી. ૦-૨૪-૨૮ વાળી જમીન અંગે મામલતદાર સાહેબશ્રીએ તેમના હુકમ નં. જમીન/જુનીશરત/એસઆર/૨૦/૯૬ તા. ૨૯-૧૧-૯૬ ના હુકમથી જમીન ખેતી કરવાના હેતુ માટે જુની શરતમાં ફેરવવા હુકમ કરેલ જે હુકમની નોંધ ગામ નમુના નં. ૬ ના હકકપત્રકે નોંધ નં. ૩૭૭૭ થી તા. ૧૩-૦૩-૯૭ નારોજ પડેલ છે અને તા. ૩૧-૦૭-૯૭ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, બારોટ ડાહયાભાઇ કાનજીભાઇ તા. ૦૧-૧૨-૦૧ નારોજ મૈયત થતાં તેમની સીધી લીટીના વારસો તરીકે (૧) પાર્વતીબેન તે ડાહયાભાઇ કાનજીભાઇની વિધવા (૨) દશરથભાઇ ડાહયાભાઇ બારોટ (૩) નવિનભાઇ ડાહયાભાઇ બારોટ (૪) બાલકૃષ્ણ ડાહયાભાઇ બારોટ (૫) મહેશભાઇ ડાહયાભાઇ બારોટ (૬) કલાવતીબેન ડાહયાભાઇ બારોટ (૭) તરૂલતાબેન ડાહયાભાઇ બારોટના નામો રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૪૦૧૫ થી તા. ૧૫-૦૪-૦૨ નારોજ દાખલ થયેલ અને તા. ૨૯-૦૩-૦૩ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, કલાવતીબેન ડાહયાભાઇ બારોટ તથા તરૂલતાબેન ડાહયાભાઇ બારોટનાઓએ તેમનો પોષાતો હક હિસ્સો ભાઇઓ તરફે જતો કરતાં તેઓના નામ રેવન્યુ રેકર્ડેથી કમી કરવામાં આવેલ અને હક કમીની નોંધ તા. ૧૫-૦૪-૦૨ નારોજ નોંધ નં. ૪૦૧૬ થી પડેલ છે અને તા. ૨૯-૦૩-૨૦૦૩

KAL
55157 ૨૫
2018



નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, (૧) પાર્વતીબેન તે ડાહયાભાઇ કાનજીભાઇની વિધવા (૨) દશરથભાઇ ડાહયાભાઇ બારોટ (૩) નવિનભાઇ ડાહયાભાઇ બારોટ (૪) બાબુભાઇ ઉર્ફે બાલકૃષ્ણ ડાહયાભાઇ બારોટનાઓએ સદર બ્લોક નં. ૧૪ હે.આ.ચો.મી. ૦-૨૪-૨૮ વાળી જુની શરતની ખેતીની જમીન પટેલ જયંતીલાલ ત્રીકમદાસને તા. ૨૯-૦૫-૦૭ નારોજ રજી. દસ્તાવેજ નં. ૩૨૯૬ થી વેચાણ આપતાં પટેલ જયંતીલાલ ત્રીકમદાસ સદર મિલકતના માલીક કબજેદાર બનેલ અને વેચાણ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હકકપત્રકે નોંધ નં. ૪૯૦૭ થી તા. ૧૮-૦૨-૦૮ નારોજ પડેલ અને તા. ૨૯-૦૪-૦૮ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, પટેલ જયંતીલાલ ત્રીકમદાસનાઓએ સદર બ્લોક નં. ૧૪ હે.આ.ચો.મી. ૦-૨૪-૨૮ વાળી જુની શરતની ખેતીની જમીન અમો લખી આપનાર સુથાર રીનાબેન રાજુભાઇ ચીમનલાલને તા. ૨૨-૧૦-૦૮ નારોજ રજી. દસ્તાવેજ નં. ૮૪૩૬ થી વેચાણ આપતાં અમો લખી આપનાર સદર મિલકતના માલીક કબજેદાર બનેલ અને વેચાણ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હકકપત્રકે નોંધ નં. ૫૨૬૫ થી તા. ૧૧-૧૧-૦૮ નારોજ પડેલ અને તા. ૧૩-૦૧-૦૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, મે. મામલતદારશ્રી કલોલના હુ.નં. જમીન/પ્રમોલગેશન/વશી /બોરીસણા/૦૮ તા. ૩૦-૦૮-૦૮ ના પ્રમોલગેશન હુકમ કરવામાં આવેલ જે હુકમ ની નોંધ ગામ નમુના નં. ૬ ના હકકપત્રકે નોંધ નં. ૫૩૧૭ થી તા. ૨૭-૧૨-૦૮ નારોજ પડેલ જે નોંધના અ.નં. ૧૨ થી નોંધ નં. ૪૩૮ કમી કરવા હુકમ થયેલ છે. અને પ્રમોલગેશનની નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, નાયબ કલેકટર (જ.સુ.) અપીલ ગાંધીનગર સમક્ષ ગણોત કલમ-૬૫/એસ.આર./૯/૦૯ થી પડતર જમીન અંગે કેસ ઉપસ્થિત થયેલ જેમાં નાયબ કલેકટરશ્રી દ્વારા કાઢવામાં આવેલ કારણદર્શક નોટીસ પરત ખેંચવાનો હુકમ કરવામાં આવેલ છે. અને તે હુકમની નોંધ રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૫૭૧૯ થી તા.

સુથાર રીનાબેન

KAL
55157 / ૨૫
2018



૨૭-૦૩-૧૦ નારોજ પડેલ છે અને તા. ૩૦-૦૬-૧૦ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, અગાઉ પડેલ નોંધ નં. ૪૯૦૭ માં વેચાણ આપનાર તરીકે બારોટ મહેશભાઇ ડાહયાભાઇનું નામ શરતચુકથી નોંધમાં લખવાનું રહી ગયેલ હોઈ અને દસ્તાવેજમાં લખેલ હોઈ વેચાણ આપનાર તરીકે અ.નં. ૪ માં બારોટ મહેશભાઇ ડાહયાભાઇનું નામ વાંચવા અંગેનો સુધારા હુકમ કરવામાં આવેલ જે સુધારા હુકમની નોંધ નં. ૫૮૯૪ તા. ૩૧-૦૭-૧૦ નારોજ પડેલ છે અને તા. ૨૧-૦૯-૧૦ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, બ્લોક નં. ૧૪ અંગે કલેકટરશ્રી ગાંધીનગર દ્વારા તેમના હુકમ નં. સીબી/ગણોત/વશી-૧૪૦૭૦ થી ૧૪૦૭૭ તા. ૩૦-૧૨-૧૦ ના હુકમથી પ્ર.સ.પ્ર. વાળી જમીનમાં બિનખેતીના રહેણાંક હેતુ માટે શરતફેર કરવા માત્ર પ્ર.સ.પ્ર. ના નિયંત્રણો દુર કરવા પુરતી મંજુરી આપવામાં આવેલ અને શરતોને આધીન મંજુરી આપવામાં આવેલ જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હકકપત્રકે નોંધ નં. ૬૧૧૭ થી પડેલ છે અને તા. ૧૧-૦૨-૧૧ નારોજ પ્રમાણિત થયેલ છે.

ઉપરોકત મુજબનો ઈતિહાસ જુના સર્વે નં. ૧૬/૧ જેનો બ્લોક નં. ૧૪ ની છે. અને જુના સર્વે નં. ૧૬/૨, બ્લોક નં. ૧૫ નો ઈતિહાસ નીચે મુજબ છે.

જુના સર્વે નં. ૧૬/૨ વણકર ડાહયા હરીના નામે અને ખાતે વારસાઈ હકકે વણકર હરી બેચર ગુજરવાથી નોંધ નં. ૧૪૬ થી ચાલતો આવેલ અને સદર નોંધ સર્ટીફાઇડ થયેલ છે.

ત્યાર બાદ, વણકર ગલાભાઇ ડાહયાભાઇનાઓએ મંડળીમાંથી બોજો લેતાં બોજા અંગેની નોંધ નં. ૮૨૩ તા. ૧૫-૦૭-૫૪ નારોજ પડેલ છે અને તા. ૧૫-૦૬-૬૬ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, નોંધ નં. ૮૮૦ થી સદર સર્વે નંબરને ટુકડા તરીકે જાહેર કરવામાં આવેલ. અને સદર નોંધ તા. ૧૩-૦૬-૬૬ નારોજ પ્રમાણિત થયેલ છે.

KAL
5515 / 35
2018



ત્યાર બાદ, હરીજન ડાહયાભાઈ હરિભાઈ તા. ૦૪-૧૨-૬૦ નારોજ મૈયત થતાં તેમની સીધી લીટીના વારસો તરીકે (૧) હરીજન નારણભાઈ ડાહયાભાઈ (૨) દીવાળીબેન ડાહયાભાઈ (૩) ગડબડભાઈ ડાહયાભાઈ (૪) મોતીબેન ડાહયાભાઈ (૫) ગંગાબેન ડાહયાભાઈ (૬) અમરબેન ડાહયાભાઈ હરીભાઈની વિધવાના નામો રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૧૨૧૬ થી તા. ૨૭-૦૫-૬૨ નારોજ દાખલ થયેલ અને સદર નોંધ તા. ૦૧-૧૦-૬૩ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, (૧) દીવાળીબેન ડાહયાભાઈ (૨) મોતીબેન ડાહયાભાઈ (૩) ગંગાબેન ડાહયાભાઈનાઓએ તેમનો હક હિસ્સો ભાઈઓ તથા માતાની તરફેણમાં જતો કરતાં તેઓના નામ રેવન્યુ રેકર્ડેથી નોંધ નં. ૧૨૧૭ થી કમી કરવામાં આવેલ છે.

ત્યાર બાદ, એકત્રીકરણ યોજના અમલમાં આવતાં જુના સર્વે નં. ૧૬/૨ ને નવીન બ્લોક નં. ૧૫ આપવામાં આવેલ અને કબજેદાર તરીકે નારણભાઈ ડાહયાભાઈ, ગબડભાઈ ડાહયાભાઈ તથા અમરાબેન ડાહયાભાઈની વિધવાના નામ નોંધ નં. ૯૫ થી એકત્રીકરણ નોંધ આધારે દાખલ થયેલ. અને સદર નોંધ તા. ૨૩-૦૧-૬૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, બ્લોક નં. ૧૫ ના રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૪૨૮ થી ટુકડાની નોંધ દાખલ થયેલ છે.

ત્યાર બાદ, ગબડભાઈ ડાહયાભાઈ મૈયત થતાં તેમની સીધી લીટીના વારસો તરીકે (૧) લક્ષ્મણભાઈ ગબડભાઈ વણકર (૨) જીવણભાઈ ગબડભાઈ વણકર (૩) રમણભાઈ ગબડભાઈ વણકર (૪) ફુલચંદભાઈ ગબડભાઈ વણકર (૫) જયંતીભાઈ ગબડભાઈ વણકર (૬) રસીકભાઈ ગબડભાઈ વણકર ના નામો રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૭૨૨ થી તા. ૧૦-૦૬-૭૬ નારોજ દાખલ થયેલ અને સદર નોંધ તા. ૧૩-૦૭-૭૬ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, બબાભાઈ નારણભાઈ વણકર મૈયત થતાં તેમની સીધી

KAL
5515 /૨૫
2018



લીટીના વારસો તરીકે (૧) મણીબેન બબાભાઇ (૨) રેવાભાઇ બબાભાઇ (૩) બળદેવભાઇ બબાભાઇ (૪) વસંતભાઇ બબાભાઇ (૫) કાશીબેન બબાભાઇ (૬) રજનીભાઇ બબાભાઇ (૭) અરવિંદભાઇ બબાભાઇ ના નામો રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૩૨૧૧ થી તા. ૨૦-૧૨-૮૮ નારોજ દાખલ થયેલ અને સદર નોંધ તા. ૧૩-૦૭-૯૦ નારોજ પ્રમાણિત થયેલ છે.

નોંધ નં. ૩૭૩૬ લાગુ પડતી નથી.

ત્યાર બાદ, ફુલચંદભાઇ ગબડભાઇ વણકર તા. ૭-૪-૦૫ ના રોજ મૈયત થતાં તેમની સીધી લીટીના વારસો તરીકે (૧) વણકર મધુબેન ફુલચંદભાઇ (૨) વણકર યોગેશકુમાર ફુલચંદભાઇ સ.પા.ક. મધુબેન ના નામો રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૫૨૩૪ થી તા. ૦૫-૧૦-૦૮ નારોજ દાખલ થયેલ અને સદર નોંધ તા. ૩૦-૦૯-૦૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, લક્ષ્મણભાઇ ગબડભાઇ વણકર તા. ૨૭-૦૭-૦૮ નારોજ મૈયત થતાં તેમની સીધી લીટીના વારસો તરીકે (૧) વણકર અમરતબેન લક્ષ્મણભાઇ (૨) વણકર રાજેશભાઇ લક્ષ્મણભાઇ (૩) વણકર ઉમેશભાઇ લક્ષ્મણભાઇ ના નામો રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૫૨૩૫ થી તા. ૦૫-૧૦-૦૮ નારોજ દાખલ થયેલ અને સદર નોંધ તા. ૩૦-૦૯-૦૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, બળદેવભાઇ બબાભાઇ વણકર તા. ૦૩-૦૧-૮૯ નારોજ મૈયત થતાં તેમની સીધી લીટીના વારસો તરીકે વણકર શકરીબેન બળદેવભાઇ નું નામ રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૫૨૩૬ થી તા. ૦૫-૧૦-૦૮ નારોજ દાખલ થયેલ અને સદર નોંધ તા. ૩૦-૦૯-૦૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, અરવિંદભાઇ બબાભાઇ વણંકર તા. ૧૬-૧૧-૯૯ નારોજ મૈયત થતાં તેમની સીધી લીટીના વારસો તરીકે (૧) વણકર હંસાબેન અરવિંદભાઇ (૨) વણકર રણજીતભાઇ અરવિંદભાઇ સ.પા.ક. હંસાબેન ના નામો રેવન્યુ રેકર્ડે નોંધ નં. ૫૨૩૭ થી તા. ૦૫-૧૦-૦૮ નારોજ દાખલ થયેલ અને સદર નોંધ તા. ૩૦-૦૯-૦૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

ભાખર રીનાબેન જી

KAL
5515-4-35
2018



ત્યાર બાદ, (૧) અમરતબેન લક્ષ્મણભાઇ વણકર (૨) વણકર રાજેશભાઇ લક્ષ્મણભાઇ (૩) વણકર ઉમેશભાઇ લક્ષ્મણભાઇ (૪) સગીર યોગેશભાઇ ફુલચંદભાઇ સ.પા.ક. મધુબેન ફુલચંદભાઇ વણકર તથા પોતે જાતે (૫) વણકર શકરીબેન બળદેવભાઇ (૬) વણકર રણજીત અરવિંદભાઇ સ.પા.ક. હંસાબેન અરવિંદકુમાર તથા પોતે જાતે (૭) જીવણભાઇ ગબડભાઇ (૮) રમણભાઇ ગબડભાઇ વણકર (૯) રસીકભાઇ ગબડભાઇ વણકર (૧૦) જયંતભાઇ ગબડભાઇ વણકર (૧૧) મણીબેન બબાભાઇ વણકર (૧૨) રેવાભાઇ બબાભાઇ (૧૩) વસંતભાઇ બબાભાઇ (૧૪) રજનીભાઇ બબાભાઇ (૧૫) કાશીબેન બબાભાઇ વણકર તથા કબુલાત આપનાર તરીકે ગાભાભાઇ ડુંગરભાઇ વણકર નાઓએ બ્લોક નં. ૧૫ હે.આ.ચો.મી. ૦-૦૬-૦૭ વાળી જમીન રબારી તળજાભાઇ વાસીભાઇને રજી. દસ્તાવેજ નં. ૮૦૭૫ થી તા. ૨૪-૧૦-૦૮ નારોજ વેચાણ આપતાં તે વેચાણ આધારે રેવન્યુ રેકર્ડે વેચાણ નોંધ નં. ૫૪૪૮ તા. ૦૯-૦૬-૦૯ નારોજ પડેલ પરંતુ સદર નોંધ તા. ૦૬-૦૮-૦૯ નારોજ સર્કલ ઓફીસર, કલોલ દ્વારા રદ કરવામાં આવેલ.

ત્યાર બાદ, રબારી તળજાભાઇ વાસીભાઇનાઓએ બ્લોક નં. ૧૫ હે.આ.ચો.મી. ૦-૦૬-૦૭ વાળી જમીન સુથાર રીનાબેન રાજુભાઇ ચીમનલાલને રજી. દસ્તાવેજ નં. ૩૧૫૦ થી તા. ૧૨-૦૬-૦૯ નારોજ વેચાણ આપતાં તે વેચાણ આધારે રેવન્યુ રેકર્ડે વેચાણ નોંધ નં. ૫૪૫૯ તા. ૧૯-૦૬-૦૯ નારોજ પડેલ પરંતુ સદર નોંધ તા. ૦૩-૧૦-૦૯ નારોજ સર્કલ ઓફીસર, કલોલ દ્વારા રદ કરવામાં આવેલ.

ત્યાર બાદ, (૧) અમરતબેન લક્ષ્મણભાઇ વણકર (૨) વણકર રાજેશભાઇ લક્ષ્મણભાઇ (૩) વણકર ઉમેશભાઇ લક્ષ્મણભાઇ (૪) સગીર યોગેશભાઇ ફુલચંદભાઇ સ.પા.ક. મધુબેન ફુલચંદભાઇ વણકર તથા પોતે જાતે (૫) વણકર શકરીબેન બળદેવભાઇ (૬) વણકર રણજીત અરવિંદભાઇ સ.પા.ક. હંસાબેન અરવિંદકુમાર તથા પોતે જાતે (૭) જીવણભાઇ ગબડભાઇ (૮) રમણભાઇ ગબડભાઇ વણકર (૯) રસીકભાઇ ગબડભાઇ વણકર (૧૦) જયંતભાઇ ગબડભાઇ વણકર (૧૧) મણીબેન બબાભાઇ વણકર (૧૨) રેવાભાઇ બબાભાઇ (૧૩) વસંતભાઇ બબાભાઇ (૧૪) રજનીભાઇ બબાભાઇ (૧૫)

સુથાર રીનાબેન જી

KAL
5515 35
2018



કાશીબેન બબાભાઈ વણકર તથા કબુલાત આપનાર તરીકે ગાભાભાઈ ડુંગરભાઈ વણકર નાઓએ બ્લોક નં. ૧૫ હે.આ.ચો.મી. ૦-૦૬-૦૭ વાળી જમીન રબારી તળજાભાઈ વાસીભાઈને રજી. દસ્તાવેજ નં. ૮૦૭૫ થી તા. ૨૪-૧૦-૦૮ નારોજ વેચાણ આપતાં તે વેચાણ આધારે રેવન્યુ રેકર્ડે પુનઃ વેચાણ નોંધ નં. ૫૫૩૫ તા. ૧૯-૦૯-૦૯ નારોજ પડેલ. અને તા. ૨૯-૧૨-૦૯ નારોજ સર્કલ ઓફીસર, કલોલ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યાર બાદ, રબારી તળજાભાઈ વાસીભાઈનાઓએ બ્લોક નં. ૧૫ હે.આ.ચો.મી. ૦-૦૬-૦૭ વાળી જમીન સુથાર રીનાબેન રાજુભાઈ ચીમનલાલને રજી. દસ્તાવેજ નં. ૩૧૫૦ થી તા. ૧૨-૦૬-૦૯ નારોજ વેચાણ આપતાં તે વેચાણ આધારે રેવન્યુ રેકર્ડે પુનઃ વેચાણ નોંધ નં. ૫૬૧૪ તા. ૨૧-૧૨-૦૯ નારોજ પડેલ. અને તા. ૧૮-૦૩-૧૦ નારોજ સર્કલ ઓફીસર, કલોલ દ્વારા એકત્ર કરવાની શરતે પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યાર બાદ, બ્લોક નં. ૧૪ તથા બ્લોક નં. ૧૫ ને મામલતદારશ્રીના હુકમ નં. જમીન/એકત્ર/વશી-૧૦૯૪/૧૦ ના હુકમથી એકત્ર કરવામાં આવેલ અને એકત્રીત નવો બ્લોક નં. ૧૪ કરવામાં આવેલ. અને નવું ક્ષેત્રફળ હે.આ.ચો.મી. ૦-૩૦-૩૫ અને આકાર રૂા. ૧.૪૭ બનેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ ના હકકપત્રકે નોંધ નં. ૬૨૦૩ થી તા. ૦૫-૦૩-૧૧ નારોજ પડેલ છે અને પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, બોરીસણા સેવા સહકારી મંડળીમાંથી જે ધીરાણ મેળવેલ હતું તે ભરપાઈ થઈ જતાં ફડચા અધિકારી બોરીસણા સેવા સહકારી મંડળી લી. અને સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાના તા. ૨૨-૦૬-૧૧ ના બોજા મુકિત પ્રમાણપત્ર આધારે બોજા મુકિતની નોંધ નં. ૬૩૪૭ તા. ૨૪-૦૬-૧૧ નારોજ પડેલ છે અને તા. ૦૧-૦૮-૧૧ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, કલેકટરશ્રી ગાંધીનગરના બીનખેતી હુકમ નં. સીબી/જમીન/ બી.ખે./એસ.આર./૩૪૭/૧૦/વશી.૧૭૦૩૧ થી ૧૭૦૪૬/૨૦૧૧ તારીખ :

ગજ્જર રીનાબેન .જી

KAL
5515-[illegible]35
2018



૦૧-૧૦-૧૧ ના આદેશથી મજકુર જમીન અંગે રહેણાંકના હેતુ માટે બીનખેતી પરવાનગી આપવામાં આવેલ છે. અને સદર હુકમની નોંધ નં. ૬૪૭૫ થી તા. ૧૩-૧૦-૧૧ નારોજ ગામ નમુના નં. ૬ ના હકકપત્રકે પડેલ છે અને તા. ૦૮-૧૨-૧૧ નારોજ પ્રમાણિત થયેલ છે. તેમજ નોંધ નં. ૬૪૮૪ થી ફરીથી તા. ૧૯-૧૦-૧૧ નારોજ પડેલ છે અને તા. ૧૦-૧૨-૧૧ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ, નોંધ નં. ૭૫૨૯ થી રી-સર્વે અંગેની નોંધ પડેલ છે. જે તા. ૨૧-૦૨-૧૭ નારોજ પડી પ્રમાણિત થયેલ છે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ફોર્મ નં. ડી, વિકાસ માટે પરવાનગી આપવામાં આવેલ છે અને તેનો આઇ.એફ.પી. નં. ક્રમાંક : પીઆરએમ/૬૦/૦૨/૨૦૧૮/૧૩૩ તા. ૨૧-૦૪-૧૮ નારોજ આપવામાં આવેલ છે. જેમાં મદદનીશ નગર નિયોજક અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સહી કરેલ છે અને સીની. નગર નિયોજક અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સહી કરેલ છે અને તા. ૨૬-૦૪-૧૮ નારોજ અમો વેચાણ આપનારને રવાના કર્યુ તેનો સિકકો મારેલ છે. જે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ ઔંડા દ્વારા આપવામાં આવેલ વિકાસ પરવાનગી છે.

આમ, ઉપરોકત વિગતે અમો લખી આપનાર સદરહું મિલકતના વેચાણ હકકે માલીક બનેલ છીએ. અને અને હાલનો આ વેચાણ દસ્તાવેજ તમારી તરફેણમાં કરી આપીએ છીએ. આ વેચાણ લેખ તમારી તરફેણમાં કરી આપી સદરહું મિલકત તમોને સંપૂર્ણ કબજે હવાલે આજ રોજ સોંપેલ છે અને હવેથી તમો લખાવી લેનાર સદરહુ મિલકતના કુલ સ્વતંત્ર માલીક અને કબજા ભોગવટેદાર થયેલ છો તમો લખાવી લેનાર તરફથી વેચાણ અવેજ નીચેની વિગતે મળી ગયેલ છે. જે અમોને ભરી પુરી મળી ગયેલ છે.

[illegible]

KAL
5515 /35
2018



## -: વેચાણ અવેજની વિગત :-

| | |
|---|---|
| રૂા. ૮૯,૧૦,૦૦૦-૦૦ | અંકે રૂપિયા નેવ્યાસી લાખ દશ હજાર પુરાનો ચેક નં. ૫૫૭૬૫૪, તા. ૧૬-૦૫-૧૮ નારોજનો ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, કલોલ શાખાનો તમો લખાવી લેનારે અમો લખી આપનાર ના નામનો આપ્યો તે. |
| રૂા. ૯૦,૦૦૦-૦૦ | અંકે રૂપિયા નેવું હજાર પુરાનો લખી આપનારનો એક ટકા ટી.ડી.એસ. ઇન્ડીયન ઓવરસીઝ બેન્કમાં ચલણ નં. ૫૦૪૪૨ તા. ૧૫-૫-૧૮ થી જમા કરાવેલ તે વેચાણ અવેજમાં મજરે ગણેલ છે. |
| રૂા. ૯૦,૦૦,૦૦૦-૦૦ | અંકે રૂપિયા નેવું લાખ પુરા. |

ઉપરની વિગતે અમો લખી આપનારાઓને તમો લખાવી લેનાર પાસેથી અવેજ મળેલ છે અને તે બદલ અમો લખી આપનાર તમો લખાવી લેનારને આ પહોંચ સ્વરૂપે લખી આપીએ છીએ. અને અવેજ અંગે કોઇ તકરાર અમો લખી આપનારાઓ કરીશું નહિ તેની આથી બાંહેધરી આપીએ છીએ. અવેજમાં આપેલ ચેકના નાણાં અમો વેચાણ આપનારના ખાતામાં જમા થયેથી દસ્તાવેજનો અમલ માન્ય ગણાશે.

હવેથી સદરહુ મિલકત અસલ હદ હકકો મુજબ ચાંદો સુરજ તપે ત્યાં સુધી તમો તમારા વંશ, વાલી, વારસો તથા પુત્ર પુત્રાદીક આકાશ થી પાતાળ સુધી સુખેથી ભોગવો, વસો, વસાવો, વાપરો, વેચો, સાટો, ગીરો મુકો, બક્ષીસ આપો અગર તમારૂ દિલ ચાહે તેમ કરો ને સદરહુ મિલકતમાંથી નવેનીદધ અષ્ટમાસીધ જે કાંઇ પ્રગટ થાય કે મળી આવે તે તમારા નસીબનું છે અને તે લેવા તમો લખાવી લેનાર હકકદાર છો.

હવેથી સદરહુ મિલકત ઉપર અમારો કે અમારા વંશ, વાલી, વારસોનો તથા અમારા કરજદાર, હિસ્સેદાર વિગેરે કોઇનો કોઇપણ પ્રકારનો દરદાવો,અલાખો કે લાગભાગ કે હકક - હિસ્સો લેશ માત્ર રહયો નથી, તેમ છતાં સદરહુ મિલકત ઉપર અમારા વારસો તરફથી કોઈ પ્રકારનો દર દાવો, અલાખો તથા હરકત હેલો કરે કરાવે તો તેનો જવાબ આપવા બંધાયેલા છીએ.

KAL
5515 - [illegible] 35
2018



સદરહુ મિલકત સરકારી રેકર્ડમાં તથા રેવન્યુ કચેરી તથા પંચાયત તથા ગુજરાત વિધુત બોર્ડ (યુ.જી.વી.સી.એલ.) રેકર્ડમાં વિગેરે ઠેકાણે આ વેચાણ દસ્તાવેજના આધારે તમો તમારા નામે ચઢાવી લેવા હકકદાર છો અને તે માટે અમારી સહીઓ અરજીઓ જવાબો, કબૂલાતો, સ્ટેટમેન્ટો, ડેકલેરેશન, એફિડેવીટ તેમજ અમારી હાજરી આપવા અમો બંધાયેલા છીએ.

સદરહુ મિલકત અંગેના તમામ પ્રકારના જમીન મહેસુલ, વેરા, વિઘોટી, લાગા વિગેરે આજ દિન સુધીના અમો લખી આપનારે ભરપાઇ કરી દીધેલ છે અને જો તેવા કોઇ મહેસુલ યા વેરા આજ તારીખ પહેલાના ભરવાના બાકી નીકળી આવે તો તે ભરવાની જવાબદારી અમો લખી આપનારની રહેશે. તેમજ હવે પછીના વખત માટેના ભરવાના તમામ મહેસુલ, વેરાઓ, લાગાઓ, વિઘોટી વિગેરે તમો લખાવી લેનારના શિરે છે અને રહેશે.

સદરહુ મિલકત ઉપર બીજા કોઇનો કોઇપણ પ્રકારનો લ્હેણા વિગેરેનો બોજો યા લાગ ભાગ કે હકક હિસ્સો અગર ચાર્જ નથી તેમજ સદરહુ મિલકત અમોએ આજ પહેલા બીજા કોઇને લખી આપીને કોઇ રીતના બોજામાં કે જોખમમાં નાખેલ નથી વળી, સદરહુ મિલકત કોઇની જામીનગીરીમાં, જપ્તીમાં, અવલ જપ્તીમાં કે ટાંચમાં નથી તેમજ સદરહુ મિલકત અંગે કોઇપણ કોર્ટ કચેરીમાં દાવાદુવી કે પ્રોસીડીંગ્સ હાલમાં ચાલુ નથી તેમજ સદરહુ મિલકત નહિ વેચાણ કરવા અંગેનો કોઇપણ શખ્સનો, સંસ્થાનો, કોર્ટનો યા બેંકનો અમારી સામે મનાઇ હુકમ કે પ્રતિબંધ નથી તેમજ તે અંગેની કોઇપણ નોટીસ અમોને મળેલ નથી કે બજેલી નથી તેમજ સદરહુ પ્લોટમાં કોઇનો કોઇપણ પ્રકારનો ખાધાં ખોરાકી, ભરણ પોષણ કે રહેઠાણ અંગેનો હકક કે ચાર્જ પોષાતો નથી તેમ છતાં તેવું કાંઇ નીકળે અગર કોઇ કોઇ પ્રકારે હકક, દાવો, અલાખો તથા હરકત હેલો કરે કરાવે તો તેની સર્વે પ્રકારની જવાબદારી કે જિમ્મેદારી અમારા શિરે છે અને સદરહુ મિલકત વેચવા સાટવાનો અમોને સંપૂર્ણ હકક અને અધિકાર છે એવો સર્વે બાબતનો અમાએ તમોને પાકો વિશ્વાસ અને સંપૂર્ણ ભરોસો આપીને આ વેચાણ દસ્તાવેજ અમોએ તમોને કરી આપેલ છે.

KAL
5515 / 35
2018



## ::: વેચાણ આપેલ મિલકતનું પરિશિષ્ટ :::

ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે બોરીસણા ગામની સીમના ખાતા નં. ૧૦૨૬ થી ચાલતા રેવન્યુ બ્લોક/સર્વે નં. ૮૧૩, જુનો બ્લોક નં. ૧૪ (બ્લોક નં. ૧૪, ૧૫ નો એકત્રીત બ્લોક), જુના સર્વે નં. ૧૬/૧ તથા ૧૬/૨, હે.આ.ચો.મી. ૦-૩૦-૩૫, આકાર રૂા. ૧.૪૭ પૈસાવાળી રહેણાંકના હેતુ સારૂ એન.એ. થયેલ ખુલ્લી જમીન જેનો ટી.પી. સ્કીમ નં. ૬, જેનો (કલોલ-બોરીસણા-સઈજ) ફાઈનલ પ્લોટ નં. ૧૦, ૧૧ આપવામાં આવેલ છે તે તમોને સદર લેખથી વેચાણ આપેલ છે.

## ::: ખુંટ ચારની વિગત :::

| | |
|---|---|
| પુર્વે | : જુના બ્લોક નં. ૧૬ ની જમીનમાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૨ ની જમીન આવેલ છે. |
| પશ્ચિમે | : જુના બ્લોક નં. ૧૩ ની જમીનમાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૯ ની જમીન આવેલ છે. |
| ઉત્તરે | : જુના બ્લોક નં. ૧૭ ની જમીનમાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૩ ની જમીન આવેલ છે. |
| દક્ષિણે | : ગામતળની જમીન જેનો ફાઈનલ પ્લોટ નં. ૧૫/૨ છે. |

એ રીતેના નંબરો તથા ક્ષેત્રફળવાળી તથા ખુંટ ચાર વચલી આકાશથી તે પાતાળ સુધીની મિલકત તેના વરાડે આવતા સહિયારા સહ માલીકી હકક હિસ્સા સહિતની જે સ્થિતિમાં છે તે સ્થિતિ મુજબની અમોએ તમોને કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ અવેજ તમારી પાસેથી લઈને વેચાણ આપી છે ને સદરહુ મિલકતનો કબજો અમોએ તમોને માલીકી હકકથી સોંપ્યો છે.

આ વેચાણ દસ્તાવેજ નો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, લખામણી, ટાઈપીંગ, વકીલ ફી તથા અન્ય પરચુરણ ખર્ચ તમો લખાવી લેનારાઓએ ભોગવેલ છે.

KAL
5515 35
2018



<u>મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ</u>



મિલકતનું સરનામું :- મોજે બોરીસણા, તા. કલોલમાં આવેલ બ્લોક/સર્વે નં. ૮૧૩
જુના બ્લોક નં.૧૪ વાળી રહેણાંક હેતુની એન.એ. જમીન.

વેચાણ આપનારની સહી :- ..........................................

ફોર, નંદી એસોસિયેટ

વેચાણ લેનારની સહી :- ..........................................

ભાગીદાર

// ૧૭ //

KAL 5515 /૨૦૧૮ 35 2018

મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ



મિલકતનું સરનામું :- મોજે બોરીસણા, તા. કલોલમાં આવેલ બ્લોક/સર્વે નં. ૮૧૩
જુના બ્લોક નં.૧૪ વાળી રહેણાંક હેતુની એન.એ. જમીન.

વેચાણ આપનારની સહી :- ............................
ફોર, નંદી એસોસિયેટ

વેચાણ લેનારની સહી :- ............................
ભાગીદાર

KAL
5515 [illegible] 35
2018



આમ, એ રીતેનો વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે અમારી રાજી ખુશીથી તથા અકકલ હોંશિયારીથી કોઇના કોઇપણ જાતના દાબ દબાણ વગર કોઈની પણ ધાક ધમકી વગર બીન કેફે બીન નશે અવસ્થામાં તન મનના સાવધાનપણાં માં વાંચી સમજી વિચારીને લખી આપ્યો છે તે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઇનીઓ, એકઝીકયુટરો ઇત્યાદી તમામને કબૂલ મંજૂર અને બંધનકર્તા છે અને રહેશે તે અંગે અમો લખી આપનારે અમારી સહીઓ નીચે સાક્ષીઓની રૂબરૂ કરી આપેલ છે તે અમોને કબૂલ મંજૂર અને બંધનકર્તા છે અને રહેશે.

આજ તારીખ ૨૯ માહે મે સને ૨૦૧૮ ના દિને કલોલ મદયે.

લખી આપનારની સહી :-

[signature]
......................................................
સુથાર રીનાબેન રાજુભાઇ ચીમનલાલ

સાક્ષીઓની સહી :-

૧. [signature] ..............................................

૨. [signature] ..............................................

KAL
5515-4/35
2018



## રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ-૩૨(અ) મુજબનું પરિશિષ્ટ

લખી આપનારની સહી:- ફોટો અંગુઠો



સુથાર રીનાબેન રાજુભાઈ ચીમનલાલ

લખાવી લેનારની સહી :- ફોટો અંગુઠો



"નંદી એસોસિયેટ" એ નામની ભાગીદારી પેઢી વતી
તેના વ.ક. ભાગીદાર અરવિંદભાઈ જોઈતારામ પ્રજાપતિ

5515 ૨ 35

KAL 2018

દસ્તાવેજ નંબર ૫૫૧૫ તા. 2018

# પરીશીષ્ટ

## નોંધણી અધિનીયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ

| અ.નં. | પ્રશ્ન | જવાબ(હા કે ના) |
|---|---|---|
| લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુ.મુ.ને પુછવાના પ્રશ્નો : | | |
| ૧. | લેખમાં દર્શાવ્યા મુજબ બોરીસણા ગામની સીમના રે. બ્લોક નં. ૮૧૩, જુનો બ્લોક નં. ૧૪ વાળી બીનખેતીની ખુલ્લી જમીન નો વેચાણ દસ્તાવેજ લેખ કરી આપેલ છે ? | હા |
| ૨. | લેખમાં દર્શાવ્યા મુજબ કુલ ૩૦૩૫ ચો.મી. વાળી ખુલ્લી જમીનવાળી મિલકત અંગે લેખ કરી આપેલ છે ? | હા |
| ૩. | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ રૂા. ૯૦,૦૦,૦૦૦/- મળેલ છે ? | હા |
| ૪. | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ? | હા |
| ૫ | પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ? | ...... |
| ૬ | પાવર ઓફ એટર્ની લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત/ઓએ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે ? | ....... |
| ૭ | પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે ? | ...... |
| ૮. | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતાં હોય તેવા વ્યકિતઓ સાથે લાવ્યા છો ? | હા |
| ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો : | | |
| ૧. | દસ્તાવેજ લખી આપનાર વ્યકિતઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ? | હા |
| ૨. | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિતઓ એક જ છે ? | હા |
| ૩. | કોઇ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ? | હા |

સહી

**લખી આપનાર/સંમતિ આપનાર/કુ.મુ.ની સહી** **ઓળખ આપનારની સહી.**

૧.......[signature]....... ૧.......[signature].......

૨................................ ૨.......[signature].......

૩................................

(સહી)

સબ રજીસ્ટ્રાર : કલોલ

# ગામ નમુનો નંબર ૭

(પ્રમોલગેશન નોંધ નં.૭૫૨૯ તા.૧૩/૦૪/૨૦૧૭)

હયાત નગર રચના યોજના

KAL
5515 - ૨૧ - 35
2018

ગાંધીનગર
કલોલ
બોરીસણા
...વે નંબર : ૮૧૩
...ર: બીન ખેતી
...ઉપયોગ : બીન ખેતી
...ામ :
...તો : જુ.સ.નં.૧૬/૧, ૧૬/૨
...સરવે નંબર : ૧૪
... નંબર ને લગત નોંધ નંબરો:
...૭૨૨,૩૨૧૧,૩૭૩૬,૪૦૧૫,૪૦૧૬,૪૯૦૭,૫૨૩૪,૫૨૩૫,
...૩૭,૫૨૬૫,૫૩૧૭,૫૪૪૮*,૫૪૫૯*,૫૫૩૫,૫૬૧૪,૫૭૧૯,
...૧૭,૬૪૭૫,૬૪૮૪ |***
... નંબર ને લગત બીજા હકો અને બોજા ના નોંધ નંબરો:
...૪૩૫,૩૭૭૭,૫૭૧૯,૫૮૯૪,૬૩૪૭ |***

| ...મીન | ક્ષેત્રફળ<br>હે. આરે. ચોમી. | ખાતા નંબર/ક્ષેત્રફળ/આકાર<br>હે. આરે. ચોમી. | નોંધ નંબરો અને કબ્જેદારોના નામ |
|---|---|---|---|
| | 0-30-35 | | ૭૫૨૯, |
| ...ા | 0-30-35 | ૧૦૨૬ \| 0-30-35 \| ૧.૪૭ | સુથાર રીનાબેન રાજુભાઇ ચીમનલાલ(૬૨૦૩) |
| | ૧.૪૭ | | |
| ...વિશેષધારો રૂ | 0.00 | | |
| | 0.00 | | |

| | બીજા હકો અને બોજાની વિગતો |
|---|---|
| | ૭૫૨૯. |
| | ટુકડો<0> |
| | રહેણાંકના હેતુ માટે બીનખેતીની મંજુરી મેળેલ છે<૬૪૭૫><br><૬૪૮૪> |

...કરારી ૦-૨૬
...05 ની સ્થિતિએ
...hargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે. આભાર સહ. પ્રીંટ તા. 14/05/2018 16:11:44
...સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય નકલ આપનાર કચેરી : મામલતદાર કચેરી, કલોલ(ગાંધીનગર)

પાનું : 1/1

# ગામ નમુનો નંબર ૧૨



રવે નંબર : ૮૧૩
ફળ (હે. આરે. ચોમી.) : 0-30-૩૫

મોજે : બોરીસણા
તાલુકો : કલોલ
જીલ્લો : ગાંધીનગર

ોકા/સરવે નંબર : ૧૪

(પ્રમોલગેશન નોંધ નં.૭૫૨૯ તા.૧૩/૦૪/૨૦૧૭)

તેદારોના નામ (ખાતા નંબર) :
બેન રાજભાઇ ચીમનલાલ (૧૦૨૬)

ગતો :

| ર્ષ | મોસમ | પાકનું નામ | પાકનો વિસ્તાર હે. આરે. ચોમી. | સિંચાઇનો સ્ત્રોત અને સિંચાઇનું સાધન | વૃક્ષો પોતાના અને સરકારી | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧૮ | ખરીફ | ખેસિ.ઉપ | ૦-૨૪-૨૮ | સાધન નથી/---- | | |
| ૧૯ | --- | --- | માહિતી નથી. | --- | --- | |
| ૨૦ | --- | --- | માહિતી નથી. | --- | --- | |

HE SUB ... સત્યમેવ જયતે ... (G.)

KAL
5515 ... 35
2018

સેવા ...

ભારત સરકાર
Government of India



ગજ્જર રીનાબેન
Gajjar Reenaben
જન્મ તારીખ / DOB : 21/12/1986
સ્ત્રી / Female

3339 4564 4993

આધાર – સામાન્ય માણસનો અધિકાર

Gujarati_UP12_PS_402IGen4_0001

ગજ્જર રીનાબેન જી

KAL
5515-2 35
2018

THE SUB REG...


आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA
REENABEN JITENDRA GAJJAR
RAJESHKUMAR CHIMANLAL GAJJAR
21/12/1986
Permanent Account Number
CUFPS1513M
Signature

K A L

5515 - 24 - 35

2018

आयकर विभाग भारत सरकार
INCOME TAX DEPARTMENT GOVT. OF INDIA

स्थायी लेखा संख्या कार्ड
Permanent Account Number Card

AAOFN8878P

नाम / Name
NANDI ASSOCIATE

निगमन/गठन की तारीख
Date of Incorporation / Formation
23/12/2017

04012018

KAL
25 35
5515
2018

ભાગ ૨

ભારત સરકાર
Government of India

પ્રજાપતિ અરવિંદ
Prajapati Arvind
જન્મ તારીખ / DOB : 01/06/1965
પુરુષ / Male

8148 2385 3713

આધાર – સામાન્ય માણસનો અધિકાર

KAL
5515 - 29 | 35
2018

પ્રજાપતિ

THE SUB

# સાધારણ સભાની મિનિટ બુક સન

Available at
JATIN - KALOL
Phone: 221408



| ...ખ | ઠરાવ અનુક્રમ નંબર | વિષય | ઠરાવની વિગત |
|---|---|---|---|
| ૧૧૯ | ૧ | નંદી એસોસિયેટના ભાગીદારો વતી કબૂલ કરવા અધિકાર આપવાનો ઠરાવ<br><br>(૧) અરવિંદભાઈ ચીમનલાલ પ્રજાપતિ<br>(૨) ઈશ્વરભાઈ શીવાભાઈ પ્રજાપતિ<br>(૩) મહેન્દ્રભાઈ અમૃતલાલ પ્રજાપતિ<br>(૪) રમેશભાઈ શંકરભાઈ પ્રજાપતિ | KAL 5 35 2018<br>સર્વે તમામ ભાગીદારો એ [illegible] કરેલ છે. નંદી એસોસિયેટના ગાંધીનગર મુકામે આવેલ [illegible], સર્વે નંબર ૬૧૩ વાળી મિલકત અંગે તમામ કબૂલાત કરવાની જવાબદારી અરવિંદભાઈ ચીમનલાલ પ્રજાપતિને સોંપેલ છે. આ ઉપર મિલકત અંગે સાઈટ પ્લાન [illegible] મેળવવા તથા સબ રજીસ્ટ્રાર કચેરીએ ભાગીદારો વતી કે પોતાના રૂએ દસ્તાવેજ કરવા તથા મામલતદાર કચેરી, પ્રાંત અધિકારી શ્રી, કલેક્ટર શ્રી કચેરી, [illegible] જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત વગેરે જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં તમામ કાગળો અંગે [illegible] તે તમામ ભાગીદારો વતી હાજર રહી, તે તમામ બાબતો કબૂલ કરવા અરવિંદભાઈ ચીમનલાલ પ્રજાપતિને આ ઠરાવથી અધિકાર આપવામાં આવે છે. |

નંદી એસોસિયેટ
૭, પંચતીર્થ સોસાયટી, [illegible],
કલોલ (ઉ.ગુ.) [illegible]

× Mahendrakumar Amrutlal Prajapati
× અરવિંદભાઈ પ્રજાપતિ
× ઈશ્વરભાઈ શીવાભાઈ
× રમેશભાઈ [illegible]

ફોર, નંદી એસોસિયેટ
[signature]
ભાગીદાર

ભારત સરકાર
Government of India



ગજ્જર જીતેન્દ્રકુમાર
Gajjar Jitendrakumar
જન્મ તારીખ / DOB : 09/07/1983
પુરુષ / Male

9846 9426 5676

આધાર – સામાન્ય માણસનો અધિકાર

KAL
5515 | 5 | 35
2018

આધાર
ભારતીય વિશિષ્ટ ઓળખાણ પ્રાધિકરણ
Unique Identification Authority of India

સરનામું: S/O: ગજ્જર ઈન્દ્રવદનભાઇ, બી-45, ઈશ્વરકૃપા સોસાયટી, પંચવટી એરિયા, કલોલ, કલોલ, કલોલ, ગાંધીનગર, ગુજરાત, 382721

Address: S/O: Gajjar Indravadanbhai, B-45, Ishwarkrupa Socitey, Panchavati Area, Kalol, Kalol, Kalol, Gandhinagar, Gujarat, 382721

9846 9426 5676

1947
1800 300 1947
help@uidai.gov.in
www.uidai.gov.in

भारत सरकार
GOVERNMENT OF INDIA



ગઢવી રઘુભાઈ ગુલાબસીંઘ
Gadhavi Raghubhai Gulabsingh
જન્મ તારીખ / DOB : 01/01/1968
પુરુષ / MALE

2874 0929 9411

આધાર - સામાન્ય માણસનો અધિકાર

KAL
5515 35
2013

आधार

भारतीय विशिष्ट पहचान प्राधिकरण
UNIQUE IDENTIFICATION AUTHORITY OF INDIA

સરનામું:
કેલીકો મિલ ક્વાટર્સ, ટાવર ચોક પાસે, કલોલ, ગાંધીનગર, ગુજરાત, 382721

Address:
Keliko Mill Qwatars, Near Tower chock, Kalol, Gandhinagar, Gujarat, 382721

1947
1800 300 1947 | help@uidai.gov.in | www.uidai.gov.in | P.O. Box No.1947 Bengaluru-560 001

| KAL | |
|---|---|
| 5515 | ૩૨ |
| 2018 | |

/05/2018 12:37:18 pm Version 1.1.2018.5

અનુક્રમ નંબર ૫૫૧૫ સને ૨૦૧૮ ના મે માસની ૧૯ મી તારીખે ૧૨ થી ૧૩ વાગ્યાની વચ્ચે કલોલ સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યા.

પહોંચ નંબર: ૨૦૧૮૦૫૦૦૧૧૬૮૪

| ફીપહોંચી છે તે | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | ૯૦૦૦૦ |
| નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયં ( 40 ): | ૪૦૦ |
| ટપાલ ખર્ચ | ૦ |
| અન્ય ફી | ૦ |
| કુલ એકંદરે રૂ. | ૯૦૪૦૦ |





નંદી એસોસિયેટ એ નામની ભાગીદારી પેઢી વતી તેના વ.ક. ભાગીદાર અરવિંદભાઇ જોઇતારામ પ્રજાપતિ

( L. V. VAGHELA )
સબ રજીસ્ટ્રાર
કલોલ

( L. V. VAGHELA )
સબ રજીસ્ટ્રાર
કલોલ

| અનું. નુંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉંમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| આપૅનાર | | | | | |
| ૧.૦૦૦ | સુથાર રીનાબેન રાજુભાઇ ચીમનલાલ બી/45, ઇશ્વરકૃપા સોસા. કલોલ PANNO:CUFPS1513M | ૩૨ |  |  | સુથાર રીનાબેન.જી |

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ લખી આપ્યાનું કબુલ કરે છે.

| KAL | | |
|---|---|---|
| 5515 | 32 | 34 |
| 2018 | | |

9/05/2018 12:37:18 pm Version 1.1.2018.5

૧ જીતેન્દ્રકુમાર ઇન્દ્રવદનભાઇ ગજ્જર
બી/45, ઇશ્વરકૃપા સોસા.
કલોલ



૨ રઘુભાઇ ગુલાબસીંહ ગઢવી
કેલીકો મીલ ક્વાર્ટસ,
કલોલ



તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે.
અને તેમની ઓળખાણ આપે છે.

૧. [illegible]

૨. [illegible]

તારીખે ૧૯ માહે મે - ૨૦૧૮

L. V. VAGHELA
સબ રજીસ્ટ્રાર
કલોલ

બજાર કિંમત નક્કી કરવા અંગેનું
ફોર્મ નં. ૧ રજુ થયેલ છે.

તારીખ : ૧૯/૦૫/૨૦૧૮

L. V. VAGHELA
સબ રજીસ્ટ્રાર
કલોલ

| KAL | |
|---|---|
| 5515 | 7575 |
| 2018 | |

/05/2018 12:37:18 pm Version 1.1.2018.5

ઇંકમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ ની જોગવાઇ મુજબ (૧) પાન નં/ઇ.જ.ર. નંબર દર્શાવેલ છે. જે. ખરાઇ કરવામાં આવેલ છે.

આપનાર નંબર

લેનાર નંબર

સંમતી આપનાર નંબર

તારીખ : ૧૯/૦૫/૨૦૧૮

( L. V. VAGHELA )
સબ રજીસ્ટ્રાર
કલોલ

આ સાથે લેનાર , આપનાર તથા ઓળખાણ આપનારના ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે.

તારીખ : ૧૯/૦૫/૨૦૧૮

( L. V. VAGHELA )
સબ રજીસ્ટ્રાર
કલોલ

નોંધણી સર નિરક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૨\૦૫\૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૧૩૦૦૧ થી ૧૩૩૬૪ તથા તા.૧૧\૧૧\૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૩૨૩૯૨ થી ૩૨૭૫૭ મુજબ લખી આપનાર નં
ને દસ્તાવેજોની વિગતે સમજુત કર્યા અને ઓળખાણ આપનારાઓએ તેઓની ઓળખ ખાતરી આપતા રજીસ્ટ્રેશન એકટ -૧૯૦૮ ની કલમ -૩૪,૩૫,૫૮ અને ૫૯ હેઠળની કાર્યવાહી પુરી કરી.

L. V. VAGHELA
"સબ રજીસ્ટ્રાર"
S.R.O - KALOL

| KAL | | |
|---|---|---|
| 5515 | ૩૫ | ૩૫ |
| 2018 | | |

9/05/2018 12:37:24 pm Version 1.1.2018.5

૧ નંબરની બુકના ૫૫૧૫ નંબરે નોંધ્યો છે.

તારીખ : ૧૯/૦૫/૨૦૧૮

L. V. VAGHELA
સબ રજીસ્ટ્રાર
કલોલ

THE SEAL OF THE SUB REGISTRAR ★ KALOL (N.G.)

સબ રજીસ્ટ્રારનો સિક્કો

SUB ... KALOL (N.G.)

# અનુક્રમણિકા નંબર - ૨

સબ-રજીસ્ટ્રાર કચેરી

એસ.આર.ઓ - કલોલ

ગામનુ નામ : બોરીસણા

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | અનુક્રમ, વોલ્યુમ અને પૃષ્ઠ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી<br>ફેરખત/વેચાણ<br><br>રૂ. ૯000000=00 | ખાતા નં. 1026,<br>બ્લોક નં. 813,<br>(જુના બ્લોક નં. 14)<br>(બ્લોક નં. 14, 15 નો એકત્રીત બ્લોક)<br>જુના સ.નં. 16/1, 16/2,<br>હે.આરે.ચો.મી. 0-30-35,<br>આકાર રૂ. 1.47 પૈસા,<br>રહેણાંક હેતુ માટેની બીનખેતીની ખુલ્લી<br>જમીન<br>ટી.પી.સ્કીમ નં. 6,<br>(બોરીસણા-સઇજ)<br>ફાઇનલ પ્લોટ નં. 10, 11 | | | સુથાર રીનાબેન રાજુભાઇ ચીમનલાલ | નંદી એસોસિયેટ એ નામની ભાગીદારી પેઢી વતી તેના વ.ક. ભાગીદાર અરવિંદભાઇ જોઇતારામ પ્રજાપતિ | ૧૯/૦૫/૨૦૧૮<br><br>૧૯/૦૫/૨૦૧૮ | ૫૫૧૫ | |

અહેસાન એ પરમાર ની તારીખ : ૨૧/૧૨/૨૦૧૮ ના રોજની

મુકાબલ કરનાર

ખરી નકલ

અરજી નંબર : ૧૫૪૬૯

પહોંચ નંબર : ૨૦૧૮૦૫૦૦૨૯૫૮૦

તારીખ : ૨૧/૧૨/૨૦૧૮

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - કલોલ

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - કલોલ

નોંધ: કોમ્પ્યુટર પ્રિન્ટમાં કોઈ પણ રીતે કરેલ સુધારો માન્ય ગણાશે નહી.